**બિડાણ :** સેકશન અધિકારીશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦.૦૬.૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક : ૨જઅ/૧૦૨૦૧૪/યુઓ–૨/પી.

**વિષય :** કરાર આધારીત ફિકસ પગારે નિમણુંક પામેલ મહિલા કર્મચારીને પ્રસૂતિની રજા બાબત..

---

જા.નં. નકૃયુ / રજી/ એડીએમ–૨.૧/ ૯૫૭૬ – ૯૬૨૫/ ૨૦૧૪ તા.૧૯/૦૭/ ૨૦૧૪

ઈ/ચા **કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**સામેલ :** ઉપર મુજબ

**<u>નકલ સવિનય રવાના</u> : –**

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ/તમામ કોલેજના ડીનશ્રીઓ/ આચાર્યશ્રીઓ તરફ.
૨. યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ.

(૨)

કરાર આધારીત ફિક્સ પગારે નિમણૂંક પામેલ
મહિલા કર્મચારીને પ્રસૂતિની રજા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક: રજઅ/૧૦૨૦૧૪/યુઓ-૨/પી
સચિવાલય, ગાંધીનગર
તા.૧૦/૦૬/૨૦૧૪

**વંચાણે લીધા :** ૧. નાણા વિભાગનો તા. ૧૬/૨/૨૦૦૬ નો ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧
૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૪-૬-૨૦૦૯ ઠરાવ ક્રમાંક: સીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩૪૧૭/ગ.૫
૩. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો ૧૯૬૭ ના નિયમ ૯-A

**પરિપત્ર:-**

ઉપર્યુકત વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૬/૨/૦૬ના ઠરાવથી રાજય સરકારમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફિકસ પગારથી કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જ્યારે વંચાણ હેઠળના ક્રમાંક (૩) સામેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-A ની જોગવાઇઓને આધિન વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યા ઉપર કરાર આધારે ફિક્સ પગારે નિમણૂક આપવામાં આવે છે. આ અંગેની કરારની શરતો અને બોલીઓ વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) સામેના સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી નિયત કરવામાં આવી છે. આ શરતો અને બોલીઓ અનુસાર સીધી ભરતીથી ફિક્સ પગારે નિમણૂક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે તેમજ મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમોની જોગવાઇ મુજબ પ્રસૂતિ રજા મળવાપાત્ર થશે તેમ જણાવેલ છે. તેમ છતાં આ રીતે કરાર આધારિત ફિક્સ પગારે નિમણૂંક પામેલ મહિલા કર્મચારીને પ્રસૂતિની રજા મળવાપાત્ર છે કે કેમ તે બાબતે અત્રે માર્ગદર્શન અર્થે અનેક કેસો રજૂ થતા હોઇ, તે સંદર્ભે નીચે મુજબની સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

નાણા વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ તથા તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવોની શરતોને આધિન નિમણૂક પામેલ મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા(રજા નિયમો) ૨૦૦૨ ના પ્રસૂતિ રજા નિયમો મુજબ રાજય સેવાના કર્મચારીઓ/અધિકારીઓને મળવાપાત્ર થતી પ્રસૂતિ રજાના ધોરણે જ પ્રસૂતિ રજા મળવાપાત્ર થશે.

આ સ્પષ્ટતા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા. ૩૧/૦૫/૨૦૧૪થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

Perusal to Hon'ble V.C.

(બી.એસ.મિસ્ત્રી)
સેકશન અધિકારી
નાણા વિભાગ.

પ્રતિ,

નકલ રવાના પ્રતિ,

- મહામહીમ રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/ સંસદીય સચિવોના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
- ~~તમામ~~ વિભાગો, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, ગ-૫ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલની કચેરી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ(વેબસાઇટ પર મુકવા).
- સિલેકટ ફાઇલ

.............................................................................................................

- પત્ર દ્વારા

કુલસચિવ વિભાગ, ન.કૃ.યુ., નવસારી
જ.ઇ.નં. ૪૮૧૦
તા. - 9 JUL 2014
એડીએમ-3 શાખા

ક્રમાંક:પરચ/૧૩૨૦૧૪/૧૨૮૦/મ.૩
કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૭/૦૬/૨૦૧૪

પ્રતિ,

વિભાગ હેઠળના સર્વે ખાતાના વડા / બોર્ડ / નિગમ / કૃષિ યુનિવર્સિટીઓ
**સેકશન અધિકારીશ્રી, મ શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર**

A. ૨. 1
Give All tables
૮/૭/૧૪

ઉક્ત બાબતે જાણ તેમજ જરૂરી કાર્યવાહી કરવા સારૂ.

સેક્શન અધિકારી
કૃષિ અને સહકાર વિભાગ

- 8 JUL 2014